ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,**ભાવનગર.**
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૫/૨૩–૨૪/ 1128 તારીખ : 14 JUL 2023

**આર.પી.એ.ડી.**

કેસ નં.૧૫/૨૩–૨૪

પ્રતિ,
**શ્રી મનુભાઈ દામજીભાઈ ભટ્ટ,**
**મું.પો.ટીમાણા,**
**તા.તળાજા,**
**જી.ભાવનગર.**

**મો.નં–૯૬૨૪૧ ૪૨૯૮૬/ ૯૯૦૯૧ ૩૩૭૯૦**

**વિષય : ખેતીવાડીનું નવું વિજ કનેકશન આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૩૦/૦૫/૨૦૨૩ અને તા.૦૭/૦૬/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૫/૨૩–૨૪/૧૦૧૬ તા.૦૯/૦૬/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૫/૨૩–૨૪/૧૦૪૧ તા.૨૨/૦૬/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૩૦/૦૬/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **પાલીતાણા.**
*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, **પેટા વિભાગીય કચેરી–૨, તળાજા.**

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.

(ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૫/૨૩–૨૪** ☜

વાદી :– **શ્રી મનુભાઈ દામજીભાઈ ભટ્ટ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૩૦/૦૬/૨૦૨૩** ◈

વાદી :– **શ્રી મનુભાઈ દામજીભાઈ ભટ્ટ (પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એસ.જી.હુમ્મર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, પાલીતાણા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી **મનુભાઈ દામજીભાઈ ભટ્ટ,** મું.ટીમાણા, તા.તળાજા, જી.ભાવનગરની ખેતીવાડીનું નવું વિજ કનેકશન આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૫/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૫/૨૩–૨૪/૧૦૧૬ તા.૦૯/૦૬/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૩૦/૦૬/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી **મનુભાઈ દામજીભાઈ ભટ્ટ** હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી **એસ.જી.હુમ્મર,** કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, પાલીતાણા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમોએ વીજ જોડાણ માટે અરજી કરેલ અમે તા.૧૮.૦૬.૨૦૨૦ તેમજ તા.૩૧.૦૭.૨૦૨૦ માં અમે બે વખત વીજ જોડાણ માટે અરજી કરેલ. પરંતુ, અલગ અલગ બહાના બતાવી જેમ કે બોર ની ઉંડાઈ બરાબર નથી, બોરમાં પાણી પુરતું નથી, વિગેરે મૌખિક જણાવી જોડાણ આપવામાં આવ્યું નહોતું.

૧.૨ જાન્યુઆરી–૨૦૨૨ માં ખોટી રીતે વિજ ચોરીનો દંડ આપવામાં આવેલ.

૧.૩ આ બાબતે અમે મૌખિક તથા લેખિત વારંવાર રજૂઆત કરેલ છે. છતાં, અમોને કનેકશન મળેલ નથી.

૧.૪ તો આ કનેકશન અમને વહેલાસર મળી જાય તેવી વ્યવસ્થા કરી આપવા નમ્ર વિનંતી.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.

☞ <u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...

૨.૧ ગામ–ટીમાણા, તા.તળાજાના ખેડૂત ખાતેદારશ્રી મનુભાઈ દામજીભાઈ ભટ્ટ દ્વારા સર્વે નંબર–૩૦ માં ૭.૫ એચ.પી. ખેતીવાડી વિજ જોડાણ મેળવવા માટે તા. ૨૬/૦૬/૨૦૨૦ ના રોજ રૂા.૨૦૦/– ભરી ને વારામાં લેવા માટે નોંધણી કરાવેલ હતી.

૨.૨ અરજીના અનુસંધાને મનુભાઈ દામજીભાઈ ભટ્ટ, ગામ–ટીમાણા નો સર્વે કરી D category માં Proposed 10 KVA TC તેમજ એચ.ટી.લાઈન ૧૦ મીટરનો સર્વે તા.૨૯/૦૬/૨૦૨૦ ના રોજ કરવામાં આવેલ હતો અને સ્થળ તપાસ કરતા જે તે સમયે કુવો કે બોર હયાત ન હતો. માત્ર બોર/ડારની કેચીંગ બેસાડેલ હતી. સર્વેના અનુસંધાને જે તે સમયે તળાજા–૨ પેટા વિભાગીય કચેરી ના નાયબ ઈજનેરશ્રી જી.બી.પરમાર દ્વારા અંદાજપત્ર નં–૧૦૮૫ તા.૩૦/૦૬/૨૦૨૦ થી શ્રી મનુભાઈ દામજીભાઈ ભટ્ટને આપવામાં આવેલ હતું.

૨.૩ જે અંદાજપત્ર વાદી દ્વારા ભરપાઈ કરેલ ન હતું. ત્યારબાદ, વાદી દ્વારા અંદાજપત્રના નાણાં ભરપાઈ કરવાની મુદત ૬૦ દિવસ વધારી આપવા તા.૩૧/૦૭/૨૦૨૦ ના રોજ અરજી કરવામાં આવેલ. જેથી સમયમર્યાદા વધારીને વાદીશ્રીને ફરીથી નવું અંદાજપત્ર નં–૨૦૭૦ તા.૨૪/૦૮/૨૦૨૦ ના રોજ રજી.એ.ડી થી આપવામાં આવેલ હતું. જેની પહોંચ આ સાથે સામેલ છે.

૨.૪ જે અંદાજપત્ર વાદી દ્વારા ભરપાઈ કરવામાં આવેલ ન હતું. તેમજ કુવો કે બોર હોવા અંગેના પણ કોઈ આધાર પુરાવા રજૂ કરવામાં આવ્યા ન હતા. ત્યારબાદ, જે જગ્યા પર કનેકશન માંગવામાં આવેલ તે સર્વે નંબર – ૩૦ માં શ્રી મનુભાઈ દામજીભાઈ ભટ્ટને ચેકીંગ શીટ નં – ૪૯૨૧૮ તા.૧૯/૦૧/૨૦૨૨ થી વિજ ચોરી પેટે બિન ગ્રાહક તરીકે રૂા.૮૯૪૧૯/૬૧ નો વિજ ચોરીનો દંડ આપવામાં આવેલ હતો. તેમજ સે.ગુ.નં–૪૫૩/૨૦૨૨ તા.૧૯/૦૨/૨૦૨૨ થી એફ.આઈ.આર પણ કરવામાં આવેલ છે. તા.૧૩/૦૪/૨૦૨૩ ના રોજ સદર ૧૩૫ ના સ્પે.ઈલેક્ટ્રીસીટી કેસ નં–૧૮/૨૦૨૨ નું જજમેન્ટ તળાજા કોર્ટ દ્વારા અરજદારની તરફેણમાં આપવામાં આવેલ છે. શ્રી મનુભાઈ દામજીભાઈ ભટ્ટ પાવર ચોરીમાં પકડાયેલ છે અને વિજ ચોરી પેટે દંડ આપવામાં આવેલ છે. તેમજ શ્રી મનુભાઈ દામજીભાઈ ભટ્ટને તળાજા–૨ પેટા વિભાગીય કચેરી દ્વારા પત્ર નં–TLJ-2/Billing/1853 dtd.21.07.2022 થી લીગલ નોટીસ પણ આપવામાં આવેલ છે.

૨.૫ પાવર ચોરીમાં પકડાયેલ હોય વાદીશ્રી મનુભાઈ દામજીભાઈ ભટ્ટ વિરૂધ્ધ તળાજા કોર્ટમાં રેગ્યુલર દિવાની મુકદમા નંબર–૧૩૨ સને ૨૦૨૩ થી દાવો દાખલ થયેલ છે.

૨.૬ સદર કેસ કોર્ટમાં એરીયર્સ બાકી હોય, કોર્ટમાં પેન્ડીગ હોય નવા ખેતીવાડી વિજ જોડાણ અંગેની કાર્યવાહી હાથ ધરી શકાય તેમ નથી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદારશ્રી મનુભાઈ દામજીભાઈ ભટ્ટ મું.ટીમાણા, તા.તળાજા દ્વારા સર્વે નં–૩૦ માં ૭.૫ એચ.પી.નું ખેતીવાડી વિજ જોડાણ પ્રતિવાદી ની કચેરી દ્વારા ન આપવામાં આવતા ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ વાદીની અરજી ની રૂબરૂ સુનાવણી માટે આજરોજ તા.૩૦/૦૬/૨૦૨૩ ના રોજ બંને પક્ષકારોને બોલાવવામાં આવેલ. જેમાં, તેઓએ હાજર રહી વધુ મૌખિક તેમજ લેખિત રજૂઆતો કરેલ છે.

૩.૩ રજૂ થયેલ રેકર્ડ તેમજ રજુઆતો મુજબ વાદી દ્વારા ગામ–ટીમાણા ખાતે સર્વે નં–૩૦ પર નવું ૭.૫ એચ.પી.નું કનેકશન લેવા પ્રતિવાદીની કચેરીએ તા.૨૬/૦૬/૨૦૨૦ તેમજ તા.૩૧/૦૭/૨૦૨૦ ના રોજ એમ બે વખત અરજી કરવામાં આવેલ. જે અંગેનો અંદાજપત્ર વાદીને આપવામાં આવેલ. પરંતુ, વાદી દ્વારા ભરપાઈ કરવાના સમયે કુવો કે બોર ન હોય, તેવા કારણો મૌખિક દર્શાવી વાદીને અંદાજ પત્ર ભરવા દીધેલ નહી.

પ્રતિવાદી ની રજૂઆત મુજબ વાદીને અંદાજપત્ર આપ્યા બાદ સ્થળ તપાસણી કરતાં, બોર કે કુવો ન હોવાના કારણે સ્વીકારેલ નહી તેમજ વાદીની મુદત વધારી આપવાની અરજી ગ્રાહય રાખી, ૬૦ દિવસ સુધીની મુદત વધારી આપ્યા બાદ પણ વાદી દ્વારા કુવો કે બોરવેલ કરાવેલ ન હતો.

૩.૪ દરમ્યાનમાં, વાદીએ માંગેલ કનેકશન વાળી સર્વેની જગ્યા પર વિજ ચેકીંગની ટીમે ચેકીગ કરતાં, પાવર ચોરી માલૂમ પડતા, કલમ – ૧૩૫ હેઠળ નું રૂા.૮૯૪૧૯/૬૧ નું વિજ બિલ ચેકીગ શીટ નં–૪૯૨૧૮ તા.૧૯/૦૧/૨૦૨૨ ના આધારે આપવામાં આવેલ તેમજ સે.ગુ.નં–૪૫૩/૨૦૨૨ તા.૧૯/૦૨/૨૦૨૨ થી એફ.આઈ.આર પણ કરવામાં આવેલ.

૩.૫ સદરહુ એફ.આઈ.આર ના ૧૩૫ ના કેસ નં – ૧૮/૨૦૨૨ નું વાદીની તરફેણમાં તા.૧૩/૦૪/૨૦૨૩ નો ચુકાદો કરવામાં આવેલ છે. પરંતુ, વિજ ચોરીની બિલની રકમ ના બાકી લેણાં નો કેસ નં–૧૩૨/૨૦૨૨ હાલ તળાજા કોર્ટમાં પડતર છે. ઉપરોકત બાબતનું રૂબરૂ સુનાવણી દરમ્યાન બંને પક્ષકારો એ સમર્થન કરેલ છે.

૩.૬ આમ, વાદી સામે બાકી લેણાં વસુલાત અંગેનો દિવાની કોર્ટ કેસ હાલ કોર્ટમાં ચાલુ હોઈ, GERC ના નોટીફીકેશન નં– ૦૨/૨૦૧૯ ના કલોઝ નં–૨.૩૩(૧) મુજબ વાદી ફોરમને રજૂઆત કરવા હકદાર રહેતો ન હોય, વાદીની અરજી નો નિકાલ કરવામાં આવે છે.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.

૩.૭ પ્રતિવાદી ના ઈજનેરો દ્વારા અંદાજપત્ર માં નીચેની નોંધ જોવા મળેલ " **સદર સ્થળ પર પાણીના સ્ત્રોતની ખાતરી કર્યા પછી જ અંદાજ પત્રકની રકમ ભરપાઈ લેવામાં આવશે .**" આ પ્રકારની સુચના ક્યાં પરિપત્ર ના આધારે કરેલ છે તેનો પ્રતિવાદી યોગ્ય ખુલાસો કરી શકેલ નથી, અરજદાર ના જણાવ્યા મુજબ તેઓ ભાવપત્રક ભરવા તૈયાર હોઈ છતાં જુદા જુદા કારણો બતાવી ને પેટા વીભાગીય કચેરીના અધિકારી દ્વારા નાણા સ્વીકારવા ઇન્કાર કરવામાં આવેલ હતો. અંદાજપત્ર આપ્યા બાદ આવી ચકાસણી કર્યા બાદ જ નાણા સ્વીકારમાં આવશે તેની નોંધ લખેલ છે તે ઉપરોક્ત રજૂઆતને સમર્થન આપે છે. જે બાબતે સંબધિત અધિકારીનો ખુલાસો માંગવો અને ધોરણસર ની કાર્યવાહી કરવી.

અરજદાર વીજ ચોરીના કેસમાં નિર્દોષ સાબિત થયેલ પરંતુ દીવાની દાવો પડતર હોઈ તેમની વીજ બીલની બાકી રકમ બાબતે ફોરમ દ્વારા નિર્ણય લઇ શકાય નહિ, આથી અરજદાર ને નવીન ખેતીવાડી વીજ જોડાણ આપવા અંગે કોઈ આદેશ કરી શકાય નહિ. આમ, છતાં તેઓને વીજ ચોરીની બાકી રકમ વાંધા સહીત ભરપાઈ કરવા અને દીવાની દાવાનો જે નિર્ણય આવે તેને અનુરૂપ કાર્યવાહી કરવા સમંતિ આપવામાં આવે તો વીજ જોડાણ બાબતે પીજીવીસીએલ દ્વારા કાર્યવાહી હાથ ધરી શકાય તેની સમજણ આપવામાં આવેલ છે.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૬ અને ૩.૭ " મુજબ હુકમ કરવામાં આવે છે.**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મહેતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(ગેરહાજર)
(એન.આઈ.ઉપાધ્યાય)
ટેકનીકલ સભ્યશ્રી

(એન.સી.મકવાણા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

તારીખ :– ૩૦/૦૬/૨૦૨૩